# ૧) ધરફ

**ખેડુત ઉપયોગી સંશોધન ભલામણઃ–**

**(૧) વિકસાવેલ પાકની જાત**

ધરફ ઘાસની જાતો પર અભ્યાસ કરી નવી સુધારેલ જાત ગુજરાત ધરફ–૧ ગુજરાત રાજય માટે આ કેન્દ્ર પરથી વર્ષ ૧૯૭૯માં બહાર પાડવામાં આવેલ જે કુદરતી ગૌચર વિસ્તારની આ બહુવર્ષાયુ જાત ભારત દેશમાં સૌ પ્રથમવાર અત્રેના કેન્દ્ર પરથી બહાર પાડવામાં આવેલ છે.



**વરસાદઉપર આધારીત કુદરતી ગૌચર અથવા વીડી વિસ્તારમાં બહુવર્ષાયુ ધરફ ઘાસની નીચે મુજબની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અપનાવવાથી વધુ સારૂઉત્પાદન મેળવી શકાય છે.**

**જમીનઃ** ડુંગરાળ,પથ્થરવાળી અને રેતાળ જમીન માફક આવે છે. મધ્યમ કાળી જમીન વધારે અનુકૂળ આવે છેઅને ઉત્પાદન વધુ મઈ છે.

**જમીનની તૈયારીઃ** પડતર જમીનને હળથી ખેડી , કરબની ખેડ કરી, સમાર મારીને સરખી કરવી. પથ્થરાળ જમીનાનં ઉપર ઉગેલ અન્ય ઘાસ દુર કરી જમીન તૈયાર કરવી.

**વાવણીઃ** આ ઘાસનો ઉછેર બીજ,ધરૂ અથવા મુળવાળા જડીયા થી થઈ શકે છે.બીજથી વાવણી કરવાની હોય ત્યારે ચમાસાઋતુમાં પ્રથમ વરસાદ બાદ૪પ સે.મી.ના અંતરે ચાસમાં ૪ થી પ કિલો/હેકટરે બિયારણનો દર રાખી બીજને ભીની માટીમાં ભેળવીને બે છોડ વચ્ચે ૩૦ સે.મી. અંતર રહે તે રીતે હાથથી એક થાણા દીઠ પ થી ૬ બીજ થાણવા. ધરૂ ઉછેરીને વાવેતર કરવું હોય અથવા જડિયાથી વાવેતર કરવું હોય ત્યારે બે ચાસ વચ્ચે ૪પ સે.મી.નુ અંતર રાખી દરેક ચાસમાં બે છોડ વચ્ચે૩૦ સે.મી.ના અંતરે કોદાળીથી ખાડા કરી ચોમાસુ ઋતુમાંપહેલો સારો વરસાદ થયા બાદ ચાલુ ઝરમર વરસાદ વખતે ધરૂ અથવા જડિયાની રોપણી કરવી.

**ખાતર :** હેકટર દીઠ ૪૦ કિલો નાઈટ્રોજન બે હપ્તામાં આપવામાં આવે છે.અર્ધો જથ્થો વાવણી–રોપણી વખતે અને બાકીનો જથ્થો વાવણી–રોપણી પછી એક માસે જમીનમાં ભેજ હોય ત્યારે આપવો.

**પિયત :** આ ઘાસ સામાન્ય રીતે બિનપિયત–વરસાદ આધારીત ઘાસ તરીકે લેવામાં આવે છે,તેમ છતાં ભેજની અછતના સમયે પિયતની સગવડતા હોય તો જરૂરીયાત મુજબ પિયત આપવું

**પાછલી માવજત :** શકય હોય તો નિંદામણ અને આંતરખેડ જરૂરીયાત મુજબ કરવા.

**કાપણી :** સુકુ ઘાસ મેળવવા માટે કાપણી ઓકટોબર માસમાં કરવામાં આવે છે, પરંતુ આ ઘાસને લીલા ચારા તરીકે ખવડાવવા પ્રથમ કાપણી પ૦% ફુલ અવસ્થાએ કરવી.ત્યારબાદ બીજી કાપણી દોઢ માસે કરવી.

**ઉત્પાદન :** લીલાચારાનું ઉત્પાદન ૧પ૦ થી ર૦૦ કિવન્ટલ /હેકટર અને સુકાચારાનું ઉત્પાદન ૩૦ થી ૪૦ કિવન્ટલ જેટલું મળે છે.